01

# સ્નેહનું વહેણ જીવતું રાખો

વર્ષો પહેલાંની વાત છે. એક નિકટના મિત્રનો એક દિવસ ઓચિંતો સંદેશો આવ્યો: ‘મેં વેવિશાળ તોડી નાખ્યું છે. હવે તું તેને પત્ર લખતો નહીં. તે તને પત્ર લખે તો તેને કંઈ જવાબ આપીશ નહીં. ટૂંકમાં મેં વેવિશાળ તોડી નાખ્યું છે અને સંબંધ તોડી નાખ્યો છે. તું પણ તેની સાથે કોઈ સંબંધ રાખીશ નહીં. આમ છતાં તું એની સાથે કોઈ પણ સંબંધ ચાલુ રાખીશ તો હું એમ માનીશ કે તને મારી સાથેના સંબંધની કોઈ પરવા નથી. મિત્ર, તારે પસંદગી કરી લેવી પડશે. મારી સાથે સંબંધ રાખવો હશે તો તું એની સાથે કોઈ સંબંધ રાખી નહીં શકે. તેની સાથે સંબંધ રાખીશ તો પછી તારે સમજી લેવું કે આપણા વર્ષો જૂના સંબંધનું નામું નંખાઈ ગયું. આપણો સંબંધ આપોઆપ ફોક થયેલો તારે સમજી લેવો.’ મિત્રની વિવાહિતાને મેં તો જોઈ નહોતી. મિત્રના આગ્રહથી જ હું તો પત્રવહેવારમાં જોડાયો હતો.

કોઈ પણ બે વ્યક્તિ વચ્ચેના સંબંધમાં એક ગાંઠ પડે છે અગર એ સંબંધ તૂટે છે ત્યારે બંને વ્યક્તિઓ એમના જ કહેવાથી એમની સાથે સંબંધ બાંધી ચૂકેલાઓને આવી આજ્ઞા કરે છે. તેમનાં મન-હૃદય ઉપરનું દબાણ આપણે

સમજી શકીએ છીએ. તેમને એ સંબંધથી એટલો ધક્કો પહોંચ્યો છે કે સામેની વ્યક્તિને વધુમાં વધુ શિક્ષા કરવા માગે છે. બીજી કોઈ શિક્ષા કરવાનું તેમના હાથમાં નથી એટલે તેઓ આ રીતે 'લાગણીની નાકાબંધી' જાહેર કરે છે, પણ આ રીતે સંબંધો વીજળીની બત્તીની ચાંપ દબાવીને ચાલુ કે બંધ કરવાનું શક્ય હોય છે ખરું?

એક પિતાને પુખ્ત વયની પુત્રી ઉપર ક્રોધ ચડ્યો છે. પિતાની મનાઈ છતાં તે અમુક યુવકને મળતી રહી અને હવે એની સાથે લગ્ન કરવા પણ તૈયાર થઈ ગઈ છે. પિતાના ક્રોધનો કોઈ પાર નથી. પિતા એક પછી એક હુકમનામાં બહાર પાડે છે. ઘરના દરેક સભ્યને આદેશ મળે છે કે હવે એ યુવક સાથે તમારો કોઈ સંબંધ નહીં જોઈએ અને આપણી દીકરી સાથે પણ હવે પછી બધો સંબંધ બંધ!

માતાપિતાની ઇચ્છા વિરુદ્ધ પુત્રીએ કરવા ધારેલાં લગ્નને એ પસંદ કરતા હોય કે પસંદ ના કરતા હોય, પણ તે સગી દીકરી સાથે સંબંધ એકદમ કાપી તો કઈ રીતે શકે? યુવતીનો સગો ભાઈ કહે છે કે બહેને પસંદ કરેલો યુવક મારો મિત્ર છે. મારી બહેનનો નિર્ણય મને ગમતો હોય કે ના ગમતો હોય, પણ જેની સાથે કિશોર, યૌવનકાળનાં થોડાંક વર્ષોની ચાલુ દોસ્તી હતી તેને હું એકદમ બંધ કઈ રીતે કરી દઉં?

માણસ-માણસ વચ્ચેના સંબંધો આ રીતે કાપી શકાતા નથી અને છતાં આપણે જોઈએ છીએ કે લોકો આ રીતે પોતાને જે નિર્ણયો ના ગમે તેની સામે પોતાના જ સ્વજનો, સંબંધીઓ અને મિત્રો સાથેના સંબંધોમાં આવી નાકાબંધી જાહેર કરતા હોય છે. જે પિતા એમ માને છે કે પુખ્ત વયની પોતાની પુત્રીને સ્વેચ્છાએ પોતાનો જીવનસાથી પસંદ કરવાનો હક્ક જ નથી તે પિતાનો પુત્રી-પ્રેમનો દાવો ગમે તેટલો બુલંદ હોય તો પણ તેમને સાચા પ્રેમના અધિકાર ક્ષેત્રની મર્યાદાની ખબર જ નથી તેમ કહેવું જોઈએ.

ઘણાબધા માણસો કોઈ ને કોઈ સ્નેહના સંબંધમાં વાંધો પડતાં તેની સાથે જોડાયેલી તમામ લાગણીની નળીઓનાં જોડાણ કાપી નાખવા મેદાને પડે છે. આ રીતે તેઓ અનેક કાચા સંબંધો કાપી નાખે છે અને કાચાં ફળોની જેમ કાચા સંબંધો તોડી તેની પૂરી ખટાશ ચાખી લીધા પછી આગળ ઉપર પસ્તાય છે. એ સંબંધ કાચો કાપ્યો ના હોત તો! એ સંબંધને બરાબર પાકવા દીધો હોત તો જિંદગીમાં કેટલી બધી મીઠાશ નીપજવાની ગુંજાશ એ સંબંધમાં હતી, પણ તે દિવસે કોણ જાણે માથા ઉપર શું ભૂત સવાર થયું હતું કે એક નજીવી

વાતમાં એ નવા ગુંજાશવાળા સંબંધને મૂળ સાથે ઉખાડી જ નાખ્યો. આ જ રીતે એક જૂના લાંબા સંબંધને પણ કેટલાક માણસો કોઈ ને કોઈ કારણે કાપી નાખે છે અને પછી આગળ ઉપર પસ્તાવો કરતાં નજરે પડે છે.

માણસ-માણસ વચ્ચેનો સ્નેહસંબંધ ગમે તેટલો સચ્ચાઈભર્યો હોય તો પણ તેમાં હંમેશાં લાગણીની ભરતી જ ચાલ્યા કરે એવું તો બનતું જ નથી. એમાં ભરતીઓટ આવ્યા જ કરે છે. સમયના કાંટાની સાથે જ માણસ પરિવર્તનની એક કળ જોડાયેલી છે અને ખુદ પોતે પણ બદલાય છે. તેની સાથેના સંબંધમાં સંકળાયેલી અન્ય વ્યક્તિઓ પણ બદલાય અને તેમની વચ્ચેના સંબંધના પ્રવાહમાં વખતોવખત ભરતીઓટનું ચક્ર ચાલ્યા કરે છે. માણસે એટલી ખેવના રાખવી જોઈએ કે તેના કોઈ એક સંબંધમાં જ્યારે ભરપૂર ભરતી આવે ત્યારે બરાબર માણે અને ઓટ આવે ત્યારે પણ તે મન નાનું ન કરે. સ્નેહનું વહેણ જીવતું જ રાખે અને વહેણનો માર્ગ પણ ચોખ્ખો રાખે.

સંબંધો બાંધવા જેટલા સહેલા હોય છે તેટલા તેને નિભાવવા સહેલા નથી હોતા. તમામ સંબંધોને આ વાત લાગુ પડે છે. વળી સંબંધ લોહીની દૃષ્ટિએ કે લાગણીની દૃષ્ટિએ ગમે તેટલો ગાઢ-નિકટનો હોય તો પણ તેમાં તાણ પેદા થાય તેવી સ્થિતિ ટાળવી જોઈએ અને કોઈ ને કોઈ અનિવાર્ય કારણોસર તાણ જન્મે ત્યારે તાર તૂટે નહીં તેટલી સહનશક્તિ, એટલી ક્ષમતા પણ કેળવવી જોઈએ.



02

# મોટપનો સતાવતો ખ્યાલ

કેટલાક માણસોને મોટપનો ખ્યાલ સતાવ્યા કરે છે. આવા માણસો કોઈ પણ પ્રસંગે પોતાની મોટાઈ આગળ કર્યા કરે છે. હું મહત્ત્વનો માણસ છું. મારો એક ચોક્કસ દરજ્જો છે. મને મારી મોટપ પ્રમાણે મહત્ત્વ આપવું જોઈએ. કોઈ મારી અવગણના કરશે તો હું સાંખી નહીં લઉં. જે માણસને પોતાના આવા માની લીધેલા મહત્ત્વના ખ્યાલ પજવ્યા કરે છે તેને ડગલે ને પગલે પોતાની અવગણના થઈ રહેલી લાગે છે. નાનામાં નાની બાબતોમાં તેઓ પોતાની મોટાઈનું આઇડેન્ટિટી કાર્ડ બતાવ્યા કરે છે. તેમને ઘણાબધા પ્રસંગોએ એવું લાગે છે કે તેમની અવગણના જાણી જોઈને થઈ રહી છે.

એક જુવાન પોતાના સાસરે ગયો. સાસુ અને સસરા ઘરના અંદરના ભાગમાં ક્યાંક રોકાયેલાં હશે. જુવાને બેલ માર્યો. કોઈ ના આવ્યું. બારણું તો ખુલ્લું જ હતું. યુવાન દીવાનખંડમાં સોફા ઉપર બેઠો. પાંચ, દસ, પંદર મિનિટ કોઈ ના આવ્યું. જુવાનના જમાઈ-જીવને લાગ્યું કે રીતસર અપમાનનું જ કાવતરું. સાસુ કે સસરાને બોલાવવાને બદલે તેણે ચૂપચાપ ચાલ્યા જવાનું નક્કી કર્યું. હવે કદી સસરાને ઘેર પગ નથી મૂકવો તેવી પ્રતિજ્ઞા

પણ મનમાં નક્કી થવા માંડી. જુવાન રવાના થતો હતો ત્યાં સાસુ આવ્યાં. જમાઈને જોઈને સાસુના ચહેરા પર આવકાર અને આનંદ છલકાઈ ઊઠ્યો પણ સાસુ એકદમ હસી પડ્યાં. જમાઈએ ચહેરા પરનો આવકાર ના વાંચ્યો. સાસુના હાસ્યમાં તેમને મશ્કરી સંભળાઈ. જમાઈએ પૂછ્યું: 'મને જોઈને કેમ હસી પડ્યાં?'

સાસુએ શરમાઈ જતાં કહ્યું: 'ના, એ તો અમસ્તું જ!' જમાઈનો ચહેરો ગંભીર બની ગયો. જમાઈએ ફરમાન કર્યું: 'તમે કેમ હસ્યાં તે મને કહો! મારે જવાબ જોઈએ છે. સંતોષકારક જવાબ નહીં મળે તો આપણા સંબંધમાં વિક્ષેપ આવી જશે!' ત્યાં સસરા આવ્યા. તેમણે પણ આગળની કોઈ વાતનો વિચાર કર્યા વગર ખુલાસો માગ્યો: જમાઈને તું જવાબ આપ કે કેમ હસી!

સાસુએ સંકોચ સાથે અને પોતાનું હાસ્ય માંડ માંડ ખાળતાં કહ્યું: 'જમાઈ અત્યારે આવવાના છે તેની મને ક્યાં ખબર હતી? બેલ વાગી એટલે મેં માન્યું કે ધોબી આવ્યો છે. કપડાં લેવા તે આ સમયે જ રોજ આવે છે. જમાઈરાજ આવ્યા હશે તેની તો મને કલ્પના જ નહીં! એટલે મેં એમને જોયા ત્યારે આશ્ચર્ય થયું, આનંદ થયો અને ધોબીને બદલે જમાઈ નીકળ્યા તે વાતનું હસવું પણ આવી ગયું!'

જમાઈરાજને વધુ ખોટું લાગી ગયું. પછી માંડ માંડ તેમનો ક્રોધ શાંત પડ્યો. મગજમાં કંઈક અજવાળું થયું અને મનનું સમાધાન થયું. જમાઈ ગુસ્સામાં હતા ત્યારે તો એક જ વાત કરતા: 'તમે તમારે ઘેર કોઈ બેસવા આવે ત્યારે આ રીતે તેનું સ્વાગત કરો છો? તમને ધોબી અને જમાઈમાં કંઈ ફરક દેખાતો નથી? બેલ મારવા છતાં પંદર-પંદર મિનિટ સુધી કોઈ બારણા પર ન આવે તે કેવું? આ કઈ જાતનું અંધેર? હું ચાલ્યો ગયો હોત તો તમને ખબર પણ ના પડત! અરે કોઈ તમારું ઘર લૂંટીને ચાલ્યું જાય તો પણ ખબર જ ના પડે!'

આ એક નજીવો પ્રસંગ છે, પણ તેમાં ઘણુંબધું સૂચક છે. આપણે કેટલીક વાર આવી જ રીતે એક નાનીઅમથી વાતમાં ઘણુંબધું વાંચી લઈએ છીએ. હકીકતે આવું કશું તેમાં હોતું જ નથી. મોટાઈના દરજ્જાના એક ખોટા ખ્યાલ નીચે આપણે નાનામાં નાના પ્રસંગે માનના ખોટા તકાદા કરી બેસીએ છીએ. ખરેખર આપણે આપણી જાતને માનવંતી ગણતાં જ હોઈએ તો આપણને માનની આટલી ઊણપ હરેક પ્રસંગે લાગવી ના જોઈએ. મહાત્મા ગાંધીએ, અબ્રાહમ લિંકને અને આલ્બર્ટ આઇન્સ્ટાઇન જેવા મહાપુરુષોએ પોતાના જીવનમાં આવા અનેક 'અવગણના' કે 'અપમાન'ના પ્રસંગો જોયા હતા અને તેમાંથી સહેજ

પણ અપમાનનો ડાઘ વેઠ્યા વગર ખુશમિજાજ બહાર આવ્યા હતા. તમે સાચે જ તમારી જાતને માન આપતા હશો તો તમને જ્યાં ને ત્યાં માન મેળવવા માટે ડોક લંબાવવાનું મન નહીં થાય અને તમે જ્યાં ને ત્યાં 'સલામી' નહીં શોધો.

માણસને પોતાની જાતને માટે માન અને ગૌરવની સાચી લાગણી હોય છે, ત્યારે તેને એક જુદા જ પ્રકારનો આત્મવિશ્વાસ અને ખુશમિજાજી મળે છે. કોઈ ગફલતથી ચા ઢોળી બેસે કે ઇસ્ત્રીની ગડ વીંખી નાખે તેનાથી તેમના મનના ઘડામાં મોટો ગોબો પડી ગયા જેવું લાગતું નથી. તેમની ખુશમિજાજી ખતમ થઈ જતી નથી. આલ્બર્ટ આઇન્સ્ટાઇન જેવો માણસ ક્યારેક બસ પાછળ દોડે અને છતાં બસ દોડી જાય ત્યારે તેને પોતાના હડહડતા અપમાનના પ્રસંગ તરીકે નહીં ઝીલે કે દાંત કચકચાવી નહીં બેસે. તે જાણે છે કે મોટા ભાગે કોઈ માણસો જાણીજોઈને કોઈનું અપમાન પણ કરતા નથી અને તેની અવગણના પણ કરતા નથી હોતા. મોટા ભાગે અજાણપણે જ તેઓ આવું કરી બેસે છે. અજાણપણે આપણે બધા કોઈ ને કોઈ પ્રસંગે આવું કરી બેસતા હોઈએ છીએ.

03

# જીવનની વિકલ્પરહિત પસંદગી

લગ્નોન્મુખ યુવક-યુવતીઓ સમક્ષ જીવનસાથીની પસંદગીના અનેક વિકલ્પો હોઈ શકે છે. આ બધા વિકલ્પોનો વિચાર કરીને એક યુવક અને યુવતી અન્યોન્યને પસંદગીની વરમાળા પહેરાવે છે ત્યારે ત્યાં વિકલ્પનો અંત આવી જાય છે, ત્યાં વિકલ્પનો અંત આવી જવો જોઈએ. આ પસંદગી પછી હવે વિકલ્પ નથી જ એની ઊંડી સમજ અનિવાર્ય છે.

અમેરિકાના પ્રમુખ અબ્રાહમ લિંકનની પત્ની કેટલાંય વર્ષો પછી લિંકનને કહે છેઃ 'તમારા કરતાં તો હું ડગ્લાસને પરણી હોત તો ક્યારની વ્હાઇટ હાઉસમાં પહોંચી ગઈ હોત!' લિંકનની પત્ની જોઈ રહી હતી કે લિંકન ગરીબ છે, તેની પાસે નાણાં નથી, તેના પોશાકનું ઠેકાણું નથી. તેના ચહેરા પર વેદનાના ચીરા ઠેર ઠેર છે. તે પ્રમુખપદની ચૂંટણીમાં ઊભો છે, પણ અગાઉની ચૂંટણીઓના પરાજયનો અનુભવ જોતાં આ વખતે તે જીતશે તેવું કોણ કહી શકે? તેની સરખામણીમાં પોતાની સાથે ભણેલો ડગ્લાસ વધુ સારો ઉમેદવાર હતો. લિંકન કરતાં વધુ દેખાવડું વ્યક્તિત્વ પણ હતું. વ્હાઇટ હાઉસમાં પ્રમુખ તરીકે તે જ દાખલ થાય તેવી શક્યતા વધુ હતી.

પત્નીના આ કઠોર શબ્દોના જવાબમાં અબ્રાહમ લિંકને એવું કહ્યું હતુંઃ ‘થોડીક ધીરજ રાખ. હું જ તને વ્હાઇટ હાઉસમાં લઈ જઈશ.’

અબ્રાહમ લિંકન પ્રમુખ તરીકે ચૂંટાઈ આવ્યા. પત્ની કંઈક શરમાઈ. લિંકને આટલું જ કહ્યુંઃ ‘સફળતા-નિષ્ફળતા તો ઈશ્વરના હાથમાં છે, પણ જીવનમાં કેટલીક પસંદગીઓ વિકલ્પરહિત હોય છે અને વિકલ્પરહિત પસંદગી વડે જ માણસ જીતે છે. જ્યાં તે હારે છે ત્યાં પણ તે માણસ તરીકે જીતે છે.’

આપણે ત્યાં અત્યારે શિક્ષણ અને સંસ્કારની સમાન ભૂમિકાના આધારે લગ્નો થાય છે અને આવાં કેટલાંક લગ્નો તૂટી પડે છે, બીજાં કેટલાંક સ્થગિત થઈ જાય છે. એવી રીતે સમાન કારકિર્દીનાં પણ લગ્નો થાય છે અને છતાં કારકિર્દીની સમાનતાના કારણે જ તે લગ્ન સફળ થતું નથી. અત્યારે લગ્નો કુંડળીઓના આધારે કે કમ્પ્યૂટરના ચુકાદા પર પણ નક્કી થાય છે. આ બધા પછી પણ લગ્ન ખરેખર જીવનની જેમ જ હંમેશાં એક રહસ્ય ખડું કરે છે, તે કોઈ નિયમોને દાદ દેતું નથી. તેની સફળતાની કોઈ બાંયધરી કે વીમો હોઈ શકતો નથી.

ઇંગ્લૅન્ડના એક મશહૂર વડા પ્રધાન બેન્જામિન ડિઝરાયલીની લગ્નકથા રીતસર એક રોમાંચપૂર્ણ આદર્શ પ્રેમકથા જેવી લાગે છે. ડિઝરાયલી જે સ્ત્રીના પ્રેમમાં પડ્યો હતો તે સ્ત્રી ડિઝરાયલી કરતાં ઉંમરમાં બાર વર્ષ મોટી હતી. ડિઝરાયલી 33 વર્ષનો હતો. વિધવા બનેલી શ્રીમતી વીન્ધામ લેવીસ 45 વર્ષની હતી. આ વિધવાને એ સમજાતું નહોતું કે પોતાનાથી મોટી ઉંમરની સ્ત્રી સાથે કોઈ યુવાન શું કામ પ્રેમમાં પડે? બેન્જામિન ડિઝરાયલી ગરીબ હતો. દેવામાં ડૂબેલો હતો અને આ સ્ત્રી પૈસેટકે સુખી હતી, એટલે એ સ્ત્રીની બહેનપણીઓએ તેને સમજાવ્યું કે ડિઝરાયલી પાસે ફૂટી કોડી નથી, તેના માથા ઉપર વાળ જેટલું દેવું છે, તે વાર્તાઓ લખે અને તેમાં પાંચ પૈસા મળે તેનાં સારાં કપડાં પહેરે છે. બોલવામાં ચતુર અને વિનોદી છે એટલે કંઈક યુવતીઓ તેના તરફ આકર્ષાય છે. તારી જોડે તે પરણવા આતુર એટલા માટે છે કે તેને તારા પૈસા મળે! તારી પાસે જે ધન છે તેના વડે પોતાનું કરજ ચૂકવી દેશે અને પછી તો થાય તે ખરું. પછી ડિઝરાયલીને તારા માટે કેટલું વહાલ રહે છે તે જોઈશું!

શ્રીમતી વીન્ધામ લેવીસને વાત સાચી લાગી. ડિઝરાયલીને કહ્યું કે લગભગ યૌવન ગુમાવી બેઠેલી સ્ત્રી માટે તમને આટલો બધો પ્રેમ કેમ છે તે હું સમજું છું! ડિઝરાયલીને ખરાબ લાગ્યું. તે ચકોર હતો. બધું જ સમજી ગયો. તેણે પ્રિયતમાને લખ્યુંઃ ‘જેમને મારો પ્રેમ જોઈએ છે અને જેમને મેં દાદ નથી આપી

તેવી સ્ત્રીઓની આ રમત છે. હું તને સાફ કહેવા માગું છું કે હું તને જ ચાહું છું. તારું ધન મારે જોઈતું નથી. લગ્ન પછી તારા ધનના એક પણ સિક્કાને હાથ લગાડું તો ફિટકાર આપજે. ફરી વિચાર કરજે. મારા પ્રેમમાં શ્રદ્ધા હોય તો મને બોલાવજે, નહીંતર છેલ્લી સલામ!'

શ્રીમતી વીન્ધામ લેવીસ છેવટે ડિઝરાયલીને પરણી. હવે તે મૅરી એન બની. ડિઝરાયલી અને મૅરી એનની જોડી બરાબર જામી. પ્રેમ પાંગર્યો. મેરી એન પતિનું દુઃખ જોઈને વારંવાર કહે છે – મારા પૈસામાંથી તમારું કરજ ચૂકવી દો! તમને હેરાન થતાં હું જોઈ શકતી નથી. અગાઉ મેં જે કંઈ કહ્યું તે ભૂલી જાઓ. તેને માટે હું શરમિંદગી અનુભવું છું, પણ ડિઝરાયલીએ પત્નીનો આભાર માન્યો – પૈસા ન જ લીધા.

એક સ્ત્રી-પુરુષ વચ્ચેની અતૂટ મૈત્રીની, અતૂટ પ્રેમની અને વફાદારીની આ કથા છે. એમાં યૌવન, નાણાં, રૂપનો પ્રભાવ ગેરહાજર છે!

04

# એકાંતની અકળામણ, જીવનરસની પ્યાસ

તમારું ગમે તેવું મોટું સુખ કે મોટું દુઃખ એક એવું ચલણ છે જે બીજાઓ માન્ય કરે તો જ તેની કિંમત અંકાય છે. હું માનું છું કે મારી પાસે એક કરોડ રૂપિયાનો હીરો છે, પણ તેની એ કિંમત મારા સિવાય બીજું કોઈ કબૂલ જ કરતું ના હોય તો પછી તે હીરાની મારે માટે પણ કોઈ કિંમત રહેતી નથી. કોઈક સાક્ષીની જરૂર પડે જ છે – છેવટે પરમાત્માને પણ સાક્ષી બનાવ્યા વિના છૂટકો થતો નથી! એક હું જાણું છું અને બીજો મારો પરમાત્મા જાણે છે!

એટલે કશા જ કામ વિના – સ્વાર્થની કોઈ આપ-લે વિના પણ માણસે માણસ સાથે બોલતો-જીવતો વ્યવહાર રાખવો જ પડે છે. માણસે માણસ સાથે સુખ-દુઃખની વાત કરવી પડે છે – એકબીજાનાં સુખ-દુઃખના નાના-મોટા હિસાબો પતાવવા પડે છે. માણસે ખરેખર જીવવા માટે બીજાના જીવનમાં સામેલ થવું જ પડે છે. પોતાની વાત સાંભળવા તૈયાર કોઈ માણસ ના મળે ત્યારે માણસ કોઈ મંદિરમાં જઈને પ્રાર્થનાના રૂપમાં પણ પોતાની પીડા કે આનંદની વાત કહ્યા વગર રહી શકતો નથી. આપણે રસ્તા પર ચાલતા કે સ્કૂટર ઉપર સવાર થયેલા કે પોતાની

મોટરમાં બેઠેલા માણસોને કોઈ કોઈ વાર હોઠ ફફડાવતાં છેવટે પોતાની જ વાત ખુદ પોતાને સંભળાવતા કે સમજાવતા જોઈએ છીએ!

જર્મન ફિલસૂફ નિત્સેએ લગ્નને એક લાંબી વાતચીત કહી છે. લગ્ન શું કામ, જીવન ખુદ એક લાંબી વાતચીત નથી? એક સ્ત્રી અને એક પુરુષ દિવસ-રાત સાથે રહે તો એકબીજા સાથે વાતચીત કર્યા વગર તો જીવી જ ના શકે. જ્યાં વાતચીત ઓછી કે નહીંવત્ હશે ત્યાં તરત બંનેને ગૂંગળામણ જેવું લાગશે અને એમની એ ગૂંગળામણ બીજાઓને પણ દેખાયા વગર નહીં રહે.

પશ્ચિમના સુખી મનાતા દેશોમાં પરિણીત સ્ત્રી-પુરુષો અને એમનાં સંતાનોમાં આટલું બધું ડિપ્રેશન - મનની મંદી હોવાનું કારણ એક જ માનવામાં આવે છે કે ત્યાં ઝાઝી વાતચીત નથી – સંવાદ નથી! કામકાજ સિવાયની વાત જ નહીં. લાઇફ ઇઝ બિઝનેસ! બિઝનેસ ઇઝ બિઝનેસ! લવ ઇઝ ઓલ્સો બિઝનેસ! પણ વાણીના અભિષેક વિના તો પ્રેમની માત્ર મૂંગી મૂંગી ચેષ્ટા પણ શોભાવિહીન બની જવાનું જોખમ રહે છે. પુરુષને કંઈક કહેવું છે, સ્ત્રીને કંઈક કહેવું છે, બાળકને પણ કંઈક કહેવું છે. જ્યાં વાતચીત છે, કહેનારાં અને સાંભળનારાં મોજૂદ છે ત્યાં ગૂંગળામણ ઓછી હોય છે. આવાં કુટુંબોમાં બીજાં જે કંઈ સુખદુઃખ હોય તે, પણ એ વાતાવરણમાં ગૂંગળામણ નહીં હોય.

એકાંતની આ અકળામણ હકીકતે જીવનરસની પ્યાસ છે – માણસની માણસ માટેની ભૂખ છે.

એ વાત સાચી છે કે વાણીના અંતઃસ્રોતનાં તળ તાજાં કરવા માટે મૌનની જરૂર પડે છે – વાણીની શુદ્ધિ અને સમૃદ્ધિ માટે મૌન આવશ્યક છે, પણ વાણીનો પાર પામી ગયેલા માટે આવું મૌન અમૂલ્ય છે. સામાન્ય માનવીઓ માટે તો વાતચીતનો કોઈ વિકલ્પ જ નથી. વાતચીતનો અર્થ પણ માત્ર બોલબોલ કર્યા કરવું એવો સંકુચિત બનાવી દેવાનો નથી. માણસની માણસ સાથેની સગાઈના એક સંવાદરૂપે જ તેનું ખરું મહત્ત્વ છે.

માણસના માણસ સાથેના ‘અબોલા’ ખુદ જિંદગી સાથેના જ અબોલા બની જાય છે. કેટલાક માણસો પોતાની વાત બહાર પડી જવાની બીકે જ જાણે મૂંગા રહે છે કે થોડું જ બોલે છે, પણ આપણા જેવા સામાન્ય માનવીઓની જિંદગીમાં એવાં તો વળી શું રહસ્યો હોય કે બહાર પડી જવાથી રાષ્ટ્રીય સલામતીને કે આપણી પોતાની અંગત સલામતીને કોઈ ધક્કો પહોંચી જાય? તમારી વાત બીજું કોઈ જાણે તો તેમાં ડરવા જેવું શું છે? આવી બાબતમાં જે ડર લાગે છે તે એવા ખ્યાલને લીધે હોય છે કે બીજો માણસ પછી પોતાને માટે શું ધારશે!

જે ધારવું હશે તે ધારશે, તમારા માટે તે શું ધારશે તેની ચિંતા કરવાની જરૂર હોતી નથી, કેમ કે તમે ગમે તેટલો સારો 'દેખાવ' કરશો તે પછી પણ તે તમારા વિશે, તમને આનંદ કે ગર્વની લાગણી થાય, તેવું કશું તમારા માટે ન જ ધારે એવો પૂરો સંભવ છે.

માણસ માણસની સાથે ખુલ્લા દિલે સંવાદ કરે તો તેનો સૌથી મોટો લાભ એ છે કે તે પોતે જ પોતાની જાતને વધુ સારી રીતે સમજવાની કોશિશ કરી શકે છે અને તેનું મન પણ હળવું થાય છે. કેટલા બધા માણસો, પોતાને વિશે બીજા શું અભિપ્રાય બાંધશે એ બીકે સંકોચવશ પોતાના મોંને સીવીને બેસી જાય છે. નહીં કહેલી વાતો હૃદય ઉપર એક બોજ બની જાય છે. પછી અંદર આ રીતે જમા થયેલી વરાળથી કોઈ વાર ઉપરનું ઢાંકણ ફાટે છે અને એમની વાણીના એ વિસ્ફોટ, ઉશ્કેરાટ અને આક્રમકતાથી સાંભળનારા દંગ થઈ જાય છે. અરે આટલો શાંત, ઓછાબોલો આ માણસ – એને આ એકાએક શું થઈ ગયું? આટલો બધો ઉશ્કેરાટ? આટલી બધી ગરમી?

માણસ મૂંગો જ રહે તો તેને મૂંઝારો થાય. તેને મોં ખોલ્યા વગર ચાલતું નથી અને દિલ ખોલ્યા વિના પણ ચાલતું નથી. તેને વાત કરવા માટે પણ કોઈક ઠેકાણું જોઈએ છે.

05

# જિંદગીને ખૂબ ચાહતો માણસ

ત્રણ સૈકા સુધી બ્રિટનના નૌકાદળની સર્વોપરિતા માટે કોઈ એક જ માણસને યશ આપવો હોય તો સેમ્યુઅલ પીપ્સને આપવો પડે. સેમ્યુઅલ પીપ્સ ઈ. સ. 1633ની 23મી ફેબ્રુઆરીના રોજ જન્મ્યો હતો. તેનાં માતાપિતાનાં કુલ અગિયાર સંતાનોમાં એનો પાંચમો નંબર હતો.

બ્રિટનના આંતરવિગ્રહ ટાણે એ કિશોર હતો. સિત્તેર વર્ષની એની જિંદગીમાં એણે ઘણુંબધું જોયું. એણે ઇતિહાસના કેટકેટલા પલટા જોયા! લંડનનો પ્લેગ પણ જોયો. લંડનની મહાભયાનક આગ પણ જોઈ. મહાન વિજ્ઞાની સર આઇઝેક ન્યૂટનનો એ સમકાલીન હતો અને તેની સાથે તેને સારી એવી ઓળખાણ પણ હતી. જુદા જુદા સમયે એ સંસદનો સભ્ય પણ હતો – રૉયલ સોસાયટીનો સભ્ય અને પછી પ્રમુખ પણ હતો. એ બાહોશ વહીવટકર્તા હતો. આજે પણ દુનિયામાં એનું નામ મશહૂર છે તેનું કારણ તેની આ ‘ઉજ્જવળ’ કારકિર્દી નથી – એની ખ્યાતિનું કારણ એણે લખેલી ડાયરી છે. આજે પીપ્સની આ નોંધપોથીને સાહિત્યમાં, ઇતિહાસમાં અને એક મનોવૈજ્ઞાનિક દસ્તાવેજ તરીકે પણ ઊંચું સ્થાન આપવામાં આવે છે. એની ડાયરીમાં લંડનની આગનું જે

વર્ણન છે તેને અંગ્રેજી ભાષામાં વૃત્તાંતનિવેદનનું એક શ્રેષ્ઠ દૃષ્ટાંત ગણવામાં આવે છે.

સેમ્યુઅલ પીપ્સ ચતુર પુરુષ છે – દુનિયાદારીને ખૂબ સમજે છે, પણ ખાનગીમાં પોતાની નોંધપોથી લખવા બેસે છે ત્યારે જાણે ઈશ્વરની સાક્ષીએ લખે છે. બહુ ઓછા માણસોએ કાગળ ઉપર પોતાના જાતને આટલી ખુલ્લી કરી હશે. નોંધપોથી લખનારની નિખાલસતા જ કેટકેટલી વાર વાચકને ચકિત કરે છે! સંભવ છે કે એમાંના પ્રતિબિંબ પરથી તે પોતાની જાતને ઓળખવા મથ્યો હોય. સિત્તેર વર્ષની એની જિંદગીમાં ડાયરીમાં તો માત્ર નવ વર્ષની જ દૈનિક નોંધો છે. આ માણસ ડાયરી લખે છે અને તેમાં તે બધું જ લખે છે – ટૂંકાંટચ વાક્યોમાં ઘણુંબધું કહી દે છે. સેમ્યુઅલ પીપ્સની આ ડાયરીના ત્રણ ગ્રંથો હમણાં વાંચ્યા. સેમ્યુઅલ પીપ્સની ડાયરીમાં ઘણુંબધું છે પણ તેનું કોઈ પણ પૃષ્ઠ વાંચીએ ત્યારે એક અમીટ છાપ એ પડે છે કે આ માણસ જિંદગીને ખૂબ ચાહે છે અને એ ગમે તે બાબતની વાત કરતો હોય, તેનો જીવનરસ તેમાં છલકાઈ ઊઠે છે, પોતે ગમે તેવી વિકટ પરિસ્થિતિમાં પણ જીવતો છે, પૂરા ભાનમાં છે એટલી જ હકીકત એને અસાધારણ આનંદ પમાડે છે.

ઇંગ્લૅન્ડનું સત્તરમા સૈકાનું રાજકારણ ઈર્ષા, વેર અને ખટપટના દાવપેચથી ભરપૂર હતું એટલે ઉચ્ચ સરકારી હોદ્દા પરથી નિવૃત્ત જીવનમાં સરળ પ્રવેશની આશા પણ રાખી શકાય તેવું નહોતું. રાજદ્રોહના આરોપ મૂકીને પીપ્સની ધરપકડ કરવામાં આવી. બે મહિના પછી એ છૂટ્યો. બીજા જ વર્ષે ફરી ધરપકડ કરવામાં આવી પણ આ વખતે પાંચ દહાડા પછી જામીન પર છૂટ્યો. છેવટે તેને ‘નિર્દોષ’ જાહેર કરવામાં આવ્યો. સેમ્યુઅલ પીપ્સની ઉંમર સત્તાવન વર્ષની હતી. એ પછી પીપ્સની કોઈ રાજકીય કનડગત થઈ નહોતી, છતાં તેનો પત્રવ્યવહાર વાંચવામાં આવતો – તેના ખાનગી કાગળોની ગમે ત્યારે જડતી લેવામાં આવતી! સત્તાવાળાઓ આટલું તો કરતા જ.

પણ સેમ્યુઅલ પીપ્સની સહનશક્તિને દાદ દેવી પડે. એ ક્યારેય પોતાની જાતની દયા ખાતો નથી કે ગભરાઈ જતો નથી. સુખને એ માણી શકે છે અને દુઃખની સામે પણ એ મનથી ટટ્ટાર ઊભો રહે છે! આવો આનંદી કાગડા જેવો માણસ એની તંદુરસ્તીની બાબતમાં તો ખરેખર ‘ભાગ્યશાળી’ હશે એવું અનુમાન કરવાનું આપણને મન થાય પણ એ વાત પણ મુદ્દલ સાચી નથી. પીપ્સને વર્ષોથી કિડનીની તકલીફ છે – કેટલીય વાર પથરીના રોગની પીડાએ તેને ‘ત્રાહિમામ્’નો અનુભવ કરાવ્યો છે. સેમ્યુઅલ પીપ્સ 67 વર્ષનો હતો ત્યારે

ચાળીસ વર્ષ પહેલાંનો એક જખમ વકરી ઊઠે છે – મિત્રો, સગાંઓ તે અંગે ચિંતાભરી પૂછપરછ કરે તે સ્વાભાવિક છે, પણ પીપ્સ તો ત્રણ શસ્ત્રક્રિયાઓ કરાવ્યા પછી જ્યારે તે પોતાની પીડા અને બેચેનીની લાંબી રાતોમાંથી બહાર નીકળે છે ત્યારે જ બધાને જવાબ આપે છે – જવાબમાં તે પાર કરેલી પીડાનાં અતિશયોક્તિભર્યાં વર્ણનો પીરસતો નથી. યાદ રાખવા જેવું છે કે એ વખતે હજુ ઍનેસ્થેસિયાની શોધ થઈ નહોતી. એ તો લખે છેઃ 'હવે સારું છે. ઈશ્વરની કૃપાથી હું ફરી માંદગીમાંથી બેઠો થઈ ગયો છું.'

જિંદગી વિશે તેને અપાર જિજ્ઞાસા છે – માણસો વિશે તેને ગજબનું કુતૂહલ છે, આસપાસના જગતની, પૃથ્વી અને આકાશની કોઈ એવી 'ચીજ' નથી જેના વિશે તે વધુ જાણવા આતુર ના હોય. સેમ્યુઅલ પીપ્સ વૃદ્ધ થયો છે પણ જિજ્ઞાસા તો જુવાન માણસની જ છે.

06

# ખબર પણ ન પડી ને એકલો પડી ગયો!

એક માણસ ફરિયાદ કરે છેઃ 'હું તદ્દન એકલો પડી ગયો છું. જાણે કોઈની સાથે કંઈ સંબંધ જ રહ્યો નથી. કોઈને કહું તો નવાઈ લાગે, પણ પત્નીએ પણ મને લગભગ છોડી દીધો છે. એક જ બંગલામાં અમે સાથે જ રહીએ છીએ અને એક જ ડાઇનિંગ ટેબલ પર સાથે જ જમીએ છીએ, પણ એ બાદ કરતાં અમારી વચ્ચે જાણે કશી નિકટતા રહી નથી. અમારો સંબંધ 'દૂરથી સલામ'નો જ બાકી રહ્યો છે. પત્નીએ પતિને છોડી દીધો છે અને ઈશ્વરની પાછળ પડી છે! જે કોઈ મંડળી જાત્રાએ જતી હોય તેમાં અમારાં શ્રીમતી સામેલ થઈ જવાનાં! જાણે કે ઘરથી દૂર જ ભાગવા માગે છે. પુખ્ત વયનાં સંતાનો એક પછી એક દૂર ચાલ્યાં ગયાં! કોઈ ધંધા માટે, કોઈ નોકરી માટે! કોઈ કોઈ વાર ઢળતી સાંજે વિચાર આવે છે કે હું તો ખબર ન પડી તેમ સાવ એકલો પડી ગયો! એક સમય એવો હતો કે હું ધંધામાં અને ધન કમાવામાં એટલો મશગૂલ હતો કે મને કોઈને માટે કશો જ સમય નહોતો. આજે મને પુષ્કળ સમય છે ત્યારે પત્ની, સંતાનો, સગાંસંબંધી, મિત્રો કોઈને મારા માટે સમય જ નથી!'

તાજેતરમાં એક એવી ઘટના બની કે તેનો વિચાર કરું

છું ત્યારે હસવું કે રડવું તે જ નક્કી કરી શકતો નથી! એક દૂરનો ભાણેજ. એને માટે મને કંઈક લાગણી હતી. તાજેતરમાં એકલતાની મારી લાગણી એટલી તીવ્ર બની કે મને કલાક-બે કલાક એ ભાણેજ સાથે ગાળવાનું મન થયું! હું એને ઘેર ગયો તો મળ્યો નહીં. એની ઑફિસે ગયો તો ક્યાંક બહાર ગયો હતો. હું હવે તો તેને મળવા તલપાપડ બન્યો, પણ હું તેને શોધવા ફરું અને એ મને મળે જ નહીં! જાણે મારાથી દૂર ભાગે!

એક દિવસ મેં એની પત્નીને પૂછ્યું: 'હું એને મળવા માટે વારંવાર ધક્કા ખાઉં છું અને એ મને મોં દેખાડતો જ નથી! તેને મારો સંદેશો તમે આપ્યો હતો કે નહોતો આપ્યો? હું આટલી બધી વાર ધક્કા ખાઈ ગયો તો એક વાર તો મારે ઘેર આવીને મને મળી ગયો હોત! મને સમજાતું નથી કે એ કેમ મોં છુપાવે છે?'

ભાણેજની પત્નીએ કંઈક સંકોચ સાથે કહ્યું: 'મામા, એવું નથી, પણ વર્ષો પહેલાં તમે તેને રકમ આપેલી તેની ગોઠવણ તે કરી શક્યા નથી! તેમણે કહ્યું છે કે એ રકમની વ્યવસ્થા એ કરી જ રહ્યા છે! જેવી રકમ તેમના હાથમાં આવશે કે તરત તમને મળશે!

મારે માથું કૂટવું કે શું કરવું? એ વાતને વર્ષો વીતી ગયાં હતાં. મારા એ દૂરના ભાણેજને મેં એક સમયે કોઈ રકમ આપ્યાની વાત પણ હું ભૂલી ગયો હતો અને અત્યારે હું મારા ભાણેજને શોધતો હતો તે તો માત્ર તેની સોબત માટે તેને શોધતો હતો. હું કંઈ જૂની રકમની વસૂલાત માટે તેની પાછળ પડ્યો નહોતો! મૂળ વાત તો એની એ જ છે જે મને મૂંઝવે છે! હું સાવ એકલો પડી ગયો છું! આ એકલતાના અંધારા કૂવામાંથી મને કોઈ બહાર કાઢે!

આવી પીડા અનુભવી રહેલા અને એકલા પડી ગયાની ફરિયાદ કરનાર માણસ જો પોતાની અંદર જ એક ડોકિયું કરે તો તેને ભાન થયા વગર રહે નહીં કે પોતાની આવી હાલતનું અસલ કારણ તો એ જ છે કે પોતે મોટા ભાગની જિંદગી એક કોચલામાં જ જીવ્યા છે. તે કદી પોતાની બહાર નીકળ્યા જ નથી! એ પોતાનામાં અને પોતાના વેપાર-ધંધા કે વ્યવસાયમાં જ ગળાડૂબ રહ્યા છે. તેમણે કદી બીજા કોઈ માણસમાં રસ લીધો જ નથી. તેમણે કોઈ માણસને એક સ્વતંત્ર વ્યક્તિરૂપે જોવાની તસ્દી જ લીધી નથી. તેમણે દરેક માણસને પોતાની જીવન-શતરંજના એક નાના કે મોટા પ્યાદા રૂપે જ જોયો છે! સ્વહિતની, સ્વાર્થની રમત હવે પોતે બંધ કરી છે અને હવે તેઓ ખરેખર ખેલદિલીના મેદાનમાં માત્ર જીવનના આનંદ માટે જ રમવા બહાર પડ્યા છે, પણ તેમાં ભાગ લેવા કોઈ આવતું નથી!

માણસ ખરેખર જીવનનો રસ અંત સુધી જીવંત રાખવા માગતો હોય તો તેણે પોતાની જાતમાં જ ગળાડૂબ રહેવાને બદલે બહાર નીકળીને જીવવું પડે છે. બીજા માણસોમાં રસ લેવો પડે છે અને બીજા માણસોના જીવનમાં સામેલ થવું પડે છે. પોતાના જ કોચલામાં ‘સલામતીપૂર્વક’ જીવવા માગનારનો વહેવાર એવો હોય છે કે હું જેને જેને બોલાવું તે બધાએ મારે ત્યાં સારા-માઠા પ્રસંગે અચૂક હાજર થઈ જવું જોઈએ! બાકી હું કોઈને ઘેર સારા કે માઠા પ્રસંગે ન પણ જાઉં! મારી પાસે એટલો સમય જ નથી!

તમારી પાસે સમય નથી અને તમે બીજાને મુદ્દલ સમય આપી શકો તેમ નથી તો બીજું કોઈ પણ તમને શું કામ સમય આપે? સુખી માણસોએ કોઈ ને કોઈ પ્રસંગે સગાંસંબંધી કે મિત્રોને બસો-પાંચસો રૂપિયાની મદદ કરી હોય તો એ એમ માને છે કે તે માણસ આપણા તાબામાં આવી ગયો! સુખી માણસ પૂછે છે, ‘એલા, અમે તને પૈસા આપીએ અને તું અમને સમય પણ આપી ન શકે?’ પણ પેલો માણસ મોઢેથી નહીં તો પણ મનોમન એવો જવાબ આપે છે કે તમે જે પૈસા આપ્યા તે તમને પાછા આપી દઈશું! તમે અમને કંઈ સમય આપ્યો નથી, એટલે અમે સમય આપીએ એવી આશા-અપેક્ષા કરો તે વાજબી નહીં!